**કોલેજો માટે કઠણાઈ** | ધોરણ 12 સાયન્સનું પરિણામ નીચું રહેતાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને બેઠકો ભરવામાં મુશ્કેલી પડશે

# એન્જિનિયરિંગમાં 25 હજાર બેઠકો ખાલી રહેશે

વિદ્યાર્થીઓએ આ વર્ષે પણ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માટે ડોનેશન આપવાની અથવા તો પ્રવેશ મેળવવા ઉતાવળ કરવાની જરૂરિયાત રહેતી નથી. આ વર્ષે પણ ડિગ્રી એન્જિનિયરિંગમાં ઉપલબ્ધ 71 હજાર બેઠકો સામે 64 હજાર વિદ્યાર્થીઓ પાસ થયા છે જેના કારણે રાજ્યમાં 25 હજારથી વધુ બેઠકો ખાલી રહે તેવી સંભાવના છે. જ્યારે બી ગ્રૂપમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે પરિણામ 11 ટકા ઘટ્યું છે. બંને ગ્રૂપમાં 2014માં એ1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 306 હતી જે 2015માં 427 થઈ છે પરિણામે મેરિટ ઊંચું જઈ શકે છે.



આખું વર્ષ મહેનત કરીને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ઝળહળતું પરિણામ મેળવનાર અમદાવાદના તેજસ્વી વિદ્યાર્થીઓ પાલડી ખાતેના સંસ્કાર કેન્દ્ર ખાતે એકઠા થયા હતા જ્યાં પ્રાંગણમાં ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા.

## કૂદકે ને ભૂસકે વધી રહેલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની સંખ્યા અને ફી પર બ્રેક લાગશે

ઈન્ફ્રા રિપોર્ટર. અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.12 વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર 4નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે તેમાં ગત વર્ષની સરખામણીમાં અંદાજે 8 ટકાનો ઘટાડો થયો હોવાથી તમામ મહત્વના વિષયોના પરિણામમાં પણ ઘટાડો થયો છે. જેમાં સૌથી વધારે 16 હજાર 870 વિદ્યાર્થીઓ કેમેસ્ટ્રીમાં નાપાસ થયા છે. ફીઝીક્સમાં 15 હજાર 538 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. બાયોલોજીમાં 7 હજાર 962 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે મેથ્સમાં 6 હજાર 581 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. કોમ્પ્યુટરમાં 1 હજાર 738 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. નિષ્ણાતોના મતે જેઈઈમાં વધારો ફોકસ કરનારા વિદ્યાર્થીઓએ કેમિસ્ટ્રીને ગંભીરતાથી લીધું નહીં.

**વિષયવાર નાપાસ**

| વિષય | વિદ્યાર્થી |
|---|---|
| 1 | 1018 |
| 2 | 4441 |
| 3 | 6126 |
| 4 | 4268 |
| 5 | 1588 |
| 6 | 3 |

પરિણામની વિશેષતા એ છે કે 8 ટકા રિઝલ્ટ ઘટ્યું છે. આ વર્ષે એ ગ્રુપમાં 7 હજાર 231 વિદ્યાર્થી નાપાસ થયા છે. જેથી એન્જિનિયરિંગમાં અંદાજે 25 હજાર બેઠકો ખાલી રહેવાનું અનુમાન છે. આની સીધી અસર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો પર પડશે. ઠેરઠેર બનેલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની કુલ71 હજાર જેટલી બેઠકોમાંથી 25 હજારથી વધુ બેઠકો નહીં ભરાય.

બી ગ્રુપમાં આ વર્ષે 10 હજાર 207 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, પરંતુ એ-1 ગ્રેડમાં ગત વર્ષ કરતાં 121 વિદ્યાર્થી વધુ પાસ થયા છે જેના કારણે મેરિટમાં એકથી બે માર્ક્સની વધઘટ થવાની શક્યતા છે. જ્યારે પેરા-મેડિકલમાં 10280 જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જેના કારણે 50 ટકા મેળવનારા વિદ્યાર્થીઓને પણ સરળતાથી પ્રવેશ મળી શકશે.

### ઇજનેરીમાં કેટલી બેઠકો ખાલી રહી




### ઇજનેરીની બેઠકો શા માટે ખાલી રહે છે

**દર** વર્ષે ગુજરાતમાંથી 1000થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે છે. આ ઉપરાંત સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આઇઆઇટીમાં પ્રવેશ લે છે અને અન્ય ઘણા વિદ્યાર્થીઓ બીજા રાજ્યોમાં આવેલી બીટસ પીલાની સહીત જાણીતી સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. આ ઉપરાંત એન્જિનિયરિંગની ઉભરતી લાઇનોમાં નોકરીની તકો જૂજ છે અને નવી ટેક્નોલોજીના વિષયો ભણાવી શકે એવા અધ્યાપકોની અછત છે, ખાનગી કોલેજોની ફી લાખો રૂપિયા હોવાથી મધ્યમ વર્ગને પોસાતી નથી અને ઇન્ડસ્ટ્રીની જરૂરીયાત મુજબ કોર્ષ તૈયાર કરવામાં આવતા નહિ હોવાથી બેઠકો ખાલી રહે છે.

## સ્વનિર્ભર કોલેજોને લાભ કરાવવા જેઈઈ પરીક્ષા ન આપનારને પ્રવેશ

એન્જિનિયરિંગ સહીત વિદ્યાશાખાઓમાં પ્રવેશના રાઉન્ડ પૂર્ણ થયા બાદ ખાલી રહેનાર બેઠકો પર આ વર્ષે જેઈઈ પરીક્ષા ન આપી હોય એવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે એવી જાહેરાત શિક્ષણમંત્રીએ કરી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે સમગ્ર રાજ્યમાં આવેલી એન્જિનિયરિંગની કોલેજોમાં ગત વર્ષે 23 હજાર જેટલી બેઠકો ખાલી રહી હતી. ખાલી રહેલી બેઠકોમાંથી મોટા ભાગની બેઠકો સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની હતી અને બીજીબાજુ ઘણા વિદ્યાર્થીઓએ જેઈઈ પરીક્ષા આપી ન હતી તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ લેવો હતો અને કોલેજો પ્રવેશ આપવા માંગતી હતી. આથી આ વર્ષે આ પરિસ્થિતિ ન સર્જાય એ વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ વર્ષે જેઈઈ પરીક્ષા ન આપી હોય એવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે.

## રિઝલ્ટ | મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓ ધોવાયા

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના તમામ મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓ ઓછો સ્કોર કરી શક્યા છે જેના કારણે ગત વર્ષની સરખામણીમાં કુલ રિઝલ્ટમાં 8 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

### • તમામ કોમન પેપર્સમાં ઓછું પરિણામ

**કોમન પેપર્સ** ધોરણ 12 સાયન્સમાં કોમન પેપર્સ ગણાતા તમામ મુખ્ય વિષયમાં પરિણામ ગત વર્ષની સરખામણીએ ઓછું આવ્યું છે. જેની અસર કુલ રિઝલ્ટ પર પડી છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • બાયોલોજી | 86.48% | 95.84% | -9.36% |

**પ્રશ્નો ટ્વિસ્ટ કરાયા** | પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ટ્વિસ્ટ કરવામાં આવ્યા હોવાથી સામાન્ય વિદ્યાર્થીઓ તેને સમજી ન શકતા તેમના માર્ક્સમાં ઘટાડો થયો છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • ફિઝિક્સ | 88.69% | 95.56% | -6.87% |

**દાખલા-પ્રશ્નો લાંબા** | લાંબા પ્રશ્નો અને દાખલા પૂરેપૂરા ગણી ન શકાતાં પરિણામમાં ઘટાડો થયો છે. થીયરીના પ્રશ્નો અને કેટલાક MCQના પ્રશ્નો વિદ્યાર્થીઓને મૂંઝવણભર્યા લાગ્યા હતા.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • કેમેસ્ટ્રી | 87.64% | 95.15% | -7.51% |

**કોમ્પિટિટિવ પરીક્ષાનું ભારણ** | પેપર ટેક્સ્ટ બુક પર આધારિત હોવા છતાં પરિણામ ઘટવાનું કારણ કોમ્પિટિટિવ પરિક્ષાનું ભારણ અને વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની રુચિમાં ઘટાડો થયો તે છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • મેથ્સ | 91.74% | 95.99% | -4.25% |

**સમય ઓછો પડ્યો** | પાર્ટ-એ ના પ્રશ્નો થોડા મુંઝવણભર્યા હતા અને સમય ઓછો પડ્યો હતો. પાર્ટ-બીમાં લખવાનો મહાવરો ઓછો હોવાથી વિદ્યાર્થીઓના ધાર્યા મુજબ માર્ક્સ આવ્યા નથી.

**વૈકલ્પિક પેપર્સ** કમ્પ્યૂટર વિષયમાં મેળવેલા માર્ક્સની ગણતરી પ્રવેશ પ્રક્રિયા વખતે થતી નથી તેથી વિદ્યાર્થીઓ તેના પર ખાસ ધ્યાન આપતાં નથી .

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • કમ્પ્યૂટર | 98.56% | 99.51% | -0.95% |

**અઘરો કોર્સ** | વિદ્યાર્થીની કક્ષા કરતાં અઘરો કોર્સ, પ્રાયોગિક શિક્ષણમાં ઉણપ, પ્રશ્નપત્રમાં ટ્વિસ્ટ કરેલા પ્રશ્નો તેમજ ભૂલો અને છબરડાઓના કારણે પરિણામ ઉત્તરોત્તર કથળી રહ્યું છે.

### • અમદાવાદ શહેરમાં એ-1માં 38 વિદ્યાર્થીઓ

| જિલ્લા | એ-1 | એ-2 | બી-1 | બી-2 | સી-1 | સી-2 | ડી | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેર | 38 | 1446 | 1010 | 1561 | 2303 | 2576 | 792 | 93.53 |
| ગ્રામ્ય | 22 | 216 | 553 | 952 | 1394 | 1533 | 450 | 95.54 |
| કુલ | 60 | 662 | 1563 | 2513 | 3697 | 4109 | 1242 | 94.53 |

**ગ્રામ્ય પરિણામમાં આગળ, એ-1માં પાછળ** | અમદાવાદ ગ્રામ્યની શાળાઓનું પરિણામ શહેરની તુલનામાં વધુ સારું આવ્યું છે. જોકે એ-1 ગ્રેડ મેળવવામાં શહેરના વિદ્યાર્થીઓએ બાજી મારી છે.

### એ-1 ગ્રેડમાં રાજકોટ અવલ

રાજ્યમાં એ-1 ગ્રેડમાં પાસ થનાર વિદ્યાર્થિઓમાં સૌથી વધુ રાજકોટના છે. જ્યારે વડોદરાનું પરિણામ કથળ્યું છે અને એ-1 ગ્રેડ મેળવવામાં સૌથી પાછળ રહ્યું છે.




### • ગોંડલ મોખરે, છોટા ઉદેપુર છેલ્લે




### • છોકરીઓ અગ્રેસર




### • એલિસબ્રિજ આગળ...




### • વિષયવાર પરિણામ




• અંગ્રેજી માધ્યમ | 93.76% • ગુજરાતી માધ્યમ | 84.80%

### ગુજરાત બોર્ડ: પર્સેન્ટાઇલ રેન્ક મુજબ વિદ્યાર્થીઓ

| રેન્ક | એ ગૃપ | બી ગૃપ | રેન્ક | એ ગૃપ | બી ગૃપ |
|---|---|---|---|---|---|
| 99થી વધુ | 722 | 572 | 70થી વધુ | 21993 | 16273 |
| 98થી વધુ | 1433 | 1114 | 65થી વધુ | 25206 | 18805 |
| 96થી વધુ | 2916 | 2201 | 50થી વધુ | 36189 | 26981 |
| 92થી વધુ | 5904 | 4333 | 40થી વધુ | 43262 | 32614 |
| 90થી વધુ | 7200 | 5481 | 30થી વધુ | 50721 | 37908 |
| 85થી વધુ | 10805 | 8170 | 20થી વધુ | 57690 | 43380 |
| 80થી વધુ | 14651 | 10867 | 00થી વધુ | 72011 | 53702 |
| 75થી વધુ | 18123 | 13506 | | | |

### ગુજકેટ: પર્સેન્ટાઇલ મુજબ વિદ્યાર્થી

| રેન્ક | બી ગૃપ | રેન્ક | બી ગૃપ |
|---|---|---|---|
| 99થી વધુ | 599 | 70થી વધુ | 17997 |
| 98થી વધુ | 1184 | 65થી વધુ | 20796 |
| 96થી વધુ | 2381 | 50થી વધુ | 29697 |
| 92થી વધુ | 4752 | 40થી વધુ | 35797 |
| 90થી વધુ | 5956 | 30થી વધુ | 42223 |
| 85થી વધુ | 8935 | 20થી વધુ | 47638 |
| 80થી વધુ | 11880 | 00થી વધુ | 59194 |
| 75થી વધુ | 14882 | | |

**• મેડિકલ** | પરિણામમાં ઘટાડો થયો છતાં

## એ-1 ગ્રેડમાં સંખ્યા વધતાં મેરિટમાં1-2માર્કસની વધઘટ

ગયા વર્ષ કરતાં આ વર્ષે બી ગ્રૂપનું પરિણામ 11 ટકા ઘટ્યું છે. જોકે બી ગ્રૂપમાં 2014માં એ1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 165 હતી જે 2015માં 210 થઈ છે પરિણામે મેરિટમાં વધઘટ થઈ શકે છે. બીજી બાજુ કુલ પરિણામ ઘટતાં50 ટકા મેળવનારને પણ પેરા મેડિકલમાં પ્રવેશ મળી શકશે

એજ્યુકેશન રિપોર્ટર.અમદાવાદ.

ધોરણ 12 સાયન્સના પરિણામમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં આ વખતની મેડીકલ શાખાની બેઠકો પરની પ્રવેશ પ્રક્રિયાના પ્રવેશ મેરિટમાં કે એકથી બે માર્કસની વધઘટ થઈ શે છે તેમ નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે. બીજી તરફ મેડીકલ મેડીકલ-પેરા મેડિકલની આશરે 10280 જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જેના કારણે 50 ટકા મેળવનારા વિદ્યાર્થીઓને પણ સરળતાથી પ્રવેશ મળી શકશે તેના કારણે રાજ્ય બહાર જવાની વિદ્યાર્થીઓને જરૂર નહી રહે તેમ નિષ્ણાતોનુ કહેવુ છે.

**મેડિકલ શાખાની બેઠકોની વિગતો**

| શાખા | કોલેજ | બેઠક |
|---|---|---|
| મેડિકલ | 20 | 3080 |
| ડેન્ટલ | 10 | 1155 |
| આયુર્વેદિક | 10 | 455 |
| ફિઝીયોથેરાપી | 32 | 1665 |
| બીએસસી | | 455 |
| નર્સીંગ-હોમી | | 1625 |

શિક્ષણ બોર્ડે જાહેર કરેલા ધોરણ 12 સાયન્સમાં બી ગૃપનુ 80.96 ટકા પરિણામ આવ્યું છે. જે ગત વર્ષના બી ગૃપના 91.62 ટકા પરિણામ કરતાં 10.66 ટકા ઓછુ છે. બીજી તરફ એ1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 210 છે. જે ગત વર્ષના એ1 ગ્રેડ મેળવનારા 165 વિદ્યાર્થીની તુલનાએ 55 વધુ છે. આમ એ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી હોવાથી મેડીકલ શાખાની 20 કોલેજોની 3080 બેઠકો પરના પ્રવેશ મેરીટમાં નજીવો ફેરફાર થવાની શક્યતા સેવાઈ રહી છે.

ગત માર્ચ-2014 મહીનામાં લેવામાં આવેલી ધોરણ 12 સાયન્સની પરીક્ષામાં બી ગૃપમાં પરીક્ષા આપનારા કુલ 53,609 વિદ્યાર્થીઓમાંથી 43,402 વિદ્યાર્થીઓ પાસ થવાથી 80.96 ટકા પરિણામ આવ્યું છે. જે ગત વર્ષે બી ગૃપમાં પરીક્ષા આપનારા કુલ 41,191 વિદ્યાર્થીઓમાંથી પાસ 41,191 વિદ્યાર્થીઓના 91.62 ટકા પરિણામની તુલનાએ લગભગ 10.66 ટકા પરિણામ ઓછુ આવ્યુ છે. બીજી તરફ મેડીકલલ શાખામાં એ1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. તેના કારણે મેડીકલના પ્રવેશ મેરીટમાં નજીવો ફેરફાર થવાની સંભાવના છે.

### મેડિકલમાં પ્રવેશ માટે આ રીતે તૈયાર કરાશે મેરિટ

**બી** ગૃપના વિદ્યાર્થીઓ મેડીકલ શાખાની બેઠકો પરની પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે હાથ ધરાશે આ બાબત તરફ મીટ માંડીને બેઠા છે ત્યારે મેડીકલ શાખામાં પ્રવેશ મેરીટ કેવી રીતે તૈયાર થશે તે જાણવુ જરૂરી છે. મેડીકલ શાખામાં ફિઝિક્સ-કેમેસ્ટ્રી-બાયોલોજી એમ ત્રણ વિષયોની પરીક્ષામાંથી મેળવેલ માર્કસના કુલ 60 ટકા તેમજ ગુજકેટની ફિઝિક્સ-કેમેસ્ટ્રી-બાયોલોજીની પરીક્ષામાંથી મેળવેલ માર્કસના 40 ટકાના હિસાબે ઓવરઓલ પ્રવેશ મેરીટ તૈયાર કરાશે

### એકથી બે માર્કસ મેરિટ ઉપર-નીચે થઇ શકે છે

ધોરણ 12 સાયન્સનુ પરીણામ ગત વર્ષની તુલનાએ 8.04 ટકા ઓછુ આવ્યુ છે, પરંતુ એ1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ગત વર્ષની તુલનાએ વધારો જોવા મળ્યો છે. જેના કારણે મેડીકલ શાખાની જાણીતી કોલેજોમાં પ્રવેશ મેરીટમાં નોંધપાત્ર ફેરફાર થાય તેમ જણાતુ નથી. મારા મતે હાયર મેરીટમાં એકથી બે માર્કસનો ઘટાડો થવાની સંભાવના છે. જો કે સાચુ-વાસ્તવિક ચિત્ર તો પ્રવેશ મેરિટ તૈયાર થયા બાદ જ સ્પષ્ટ થશે.' » **ડો. ભરત શાહ,** ડીન બી.જે.મેડીકલ કોલેજ

**• એન્જિનિયરિંગ** | બેઠકો સામે વિદ્યાર્થી ઘટ્યા

## 71 હજાર બેઠકો સામે 64 હજાર વિદ્યાર્થીઓ પાસ થયા

ગત વર્ષની તુલનાએ આશરે 5088 વિદ્યાર્થીઓ એ ગ્રૂપમાં ઓછા પાસ થયા છે તેના કારણે આ વર્ષે ડીગ્રી ઈજનેરી શાખામાં આશરે 25,000થી વધુ બેઠકો ખાલી રહેવાની પ્રબળ શક્યતાનુ અનુમાન છે.

એજ્યુકેશન રિપોર્ટર.અમદાવાદ.

વિદ્યાર્થીઓએ આ વર્ષે પણ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માટે ડોનેશન આપવાની અથવા તો પ્રવેશ મેળવવા ઉતાવળ કરવાની જરૂરિયાત રહેતી નથી. આ વર્ષે પણ ડિગ્રી એન્જિનિયરિંગમાં 25 હજારથી વધુ બેઠકો ખાલી રહે તેવી સંભાવના છે. બેઠકો શા માટે ખાલી રહેશે તે અંગેનું ગણિત એ છે કે, ધોરણ-12 સાયન્સમાં 1,08,071 વિદ્યાર્થીઓ પાસ થયા છે જેમાંથી એ-ગ્રૂપમાં 64,653 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. રિઝર્વ કવોટાના 40 ટકાના આધારે અન્યના 45 ટકાના આધારે ગણતરી કરતા કુલ 64,000 વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગમાં પ્રવેશની લાયકાત ધરાવશે. અન્ય બોર્ડના 4,000 વિદ્યાર્થીઓનો ઉમેરો કરવામાં આવે તો સંખ્યા 68,000 થાય. તેમાંથી ફાર્મસી, બીસીએ અને આઉટ ઓફ ગુજરાતના અંદાજે 5થી 7 હજાર વિદ્યાર્થીઓની બાદબાકી કરી નાખવામાં આવે તો અંતે 60,000 વિદ્યાર્થીઓ ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવશે. ઉપરાંત ગુજરાતમાં સરકારી અને સ્વનિર્ભર મળી તમામ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોની કુલ 71,679 બેઠકો છે, તેની સામે પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર 60,000 જ થાય છે.

આ વર્ષે ડીગ્રી ઈજનેરી શાખામાં આશરે 25,000થી વધુ બેઠકો ખાલી રહેવાની પૂરેપૂરી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ડીગ્રી ઈજનેરી શાખામાં આશરે 20,000થી વધુ બેઠકો ખાલી રહી હતી.

### 2014માં ઇજનેરીમાં ટોચની બ્રાન્ચ

• મીકેનીકલ • સિવિલ • ઇલેક્ટ્રીકલ • ઇલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુ. • કમ્પ્યુટર

### ઉપલબ્ધ કુલ બેઠકોની સામે પરિણામ ઘટ્યું

ડીગ્રી ઈજનેરી કોલેજોમાં ઉપલબ્ધ કુલ બેઠકોની સામે આ વર્ષના પરિણામમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. બીજી તરફ જે વિદ્યાર્થીઓ પાસ થયા છે તેઓ સારી પ્રતિષ્ઠિત કોલેજોમાં, પસંદગીની શાખામાં પ્રવેશ મેળવવા માટે પ્રયાસ કરશે. બીજી તરફ એ ગૃપના વિદ્યાર્થીઓ આઈઆઈટી સહિતની દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં તેમજ ધોરણ 12 સાયન્સના આધારે નોંધપાત્ર વિદ્યાર્થીઓ દેશ વિદેશમાં ભણવા માટે જવાની સંભાવના છે. જેના કારણે ડીગ્રી ઈજનેરીમાં આશરે 25000થી વધુ બેઠકો ખાલી રહે તેવી શક્યતા છે.' » **મેમ્બર સેક્રેટરી,** એસીપીસી

### ભાસ્કર એક્સપર્ટ પેનલ


**ડો.પ્રણવ ત્રિવેદી,** કેમીસ્ટ્રી વિષયના નિષ્ણાત


**પુલકિત ઓઝા,** ફિઝિક્સ વિષયના નિષ્ણાત


**સંકેત ભાવસાર,** મેથ્સ વિષયના નિષ્ણાત


**તેજસ ઠક્કર,** કમ્પ્યૂટર વિષયના નિષ્ણાત


**બી. પંચોલી,** બાયોલોજી વિષયના નિષ્ણાત

વિવિધ વિષયના આ નિષ્ણાતોએ દિવ્ય ભાસ્કરના આમંત્રણથી ધોરણ 12 સાયન્સના પરિણામનું આ ડિકોડિંગ કર્યું છે.